ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૬૮ ટકા

# ઠંડીના ચમકારા સાથે સીઝનલ બિમારીના દર્દીઓમાં વધારો

## શરદી-સળેખમ, તાવ, માથું દુઃખવું, હાથ-પગ-શરીર તુટવા જેવી તકલીફોના દર્દીઓ વધ્યા : દવાખાના દર્દીઓથી ઉભરાયા

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં શિયાળાનો વિધિવત પ્રારંભ થઈ જવા પામ્યો છે અને તે સાથે જ શરદી, સળેખમ, તાવ, શરીર તુટવું, માથુ-હાથ-પગ દુઃખવા વગેરે જેવી મૌસમી બિમારીઓના દર્દીઓમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. હજુ પણ બપોરના સમયે ગરમીનું પ્રમાણ રહેતું હોવાને કારણે શહેરીજનો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે અને જેના કારણે આ પ્રકારની ઋતુજન્ય બિમારીનો ભોગ બની રહ્યા છે.

દિવાળી પછીના પ્રથમ સપ્તાહે શહેરમાં વાતાવરણમાં ગરમી અનુભવાતી હતી જેના કારણે સોશ્યલ મિડિયા પર પણ 'શિયાળો આવશે કે નહી?' જેવી ટીખળો થવા પામી રહી હતી. જો કે લાભપાંચમ પછી એકાએક વાતાવરણમાં પલટો આવતા ઠંડીનું પ્રમાણ વધવા પામ્યું છે અને જેના કારણે સીઝનલ બિમારીના દર્દીઓમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. શહેરની સિવિલ હોસ્પિટલ સહિત ખાનગી દવાખાનામાં પણ મૌસમી બિમારીના દર્દીઓની સંખ્યા વધી જવા પામી છે. બેવડી ઋતુના કારણે શહેરીજનોએ બપોરે એસી-પંખા ચલાવવા પડી રહ્યા છે જયારે રાત્રે ઠંડીના કારણે ધાબળા ઓઢવા પડે તેવી સ્થિતિ સર્જાય છે. જો કે આ સાથે મચ્છરનો ઉપદ્રવ પણ શહેરમાં એટલો જ હોવાથી નાગરિકોનીહાલત કફોડી થાય છે અને મચ્છરથી બચવા ચાલુ કરાયેલા પંખાને કારણે શરદી-કફનો ભરાવો થવા જેવી તકલીફોના ભોગ બનવું પડે છે. હાલ ખાસ કરીને વહેલી પરોઢે ઠંડીનો ચમકારો અનુભવાય છે અને દિવસ દરમિયાન બદલાતી ઋતુમાં શરીરને તાપમાન જાળવવું અઘરું પડતા બિમારી થવા પામે છે. હાલ આવી સીઝનલ બિમારીના દર્દીઓથી દવાખાના ઉભરાઈ રહ્યા છે.

# સિવિલમાં સોનોગ્રાફી વિભાગમાં એક માસનું વેઈટીંગ

ગાંધીનગર, તા.૨૮

પાટનગરમાં મેડીકલ કોલેજ નિર્માણ પામતા હોસ્પિટલમાં આવતા દર્દીઓની સુવિધામાં તોતિંગ વધારો થયો છે. દર્દીઓથી ઓપીડી અને ઈન્ડોર વિભાગ છલકાઈ રહ્યો છે ત્યારે સિવિલમાં અનેક નવા રકોર્ડ પણ સર્જાવા લાગ્યા છે. સિવિલમાં રોજના સવાસો જેટલા દર્દીઓ સોનોગ્રાફીની લાઈનમાં બેઠેલા હોય છે. ત્યારે સિવિલમાં દરરોજ એક જ ડૉકટર દ્વારા ૧૩૦ જેટલી સોનોગ્રાફી થતી હોવાનો પણ રેકોર્ડ સર્જાઈ રહ્યો છે. બે ડૉકટર પૈકી એક ડૉકટર દિવાળી વેકેશનમાં જતા એક જ ડૉકટર પર સોનોગ્રાફીની જવાબદારી આવી પડી છે. હાલના સમયે સિવિલમાં દર્દી સોનોગ્રાફી માટે જાય છે તો તેને એક માસ પછીની તારીખ આપવામાં આવે છે.




ગાંધીનગર સિવિલને કરોડો રૂપિયા ખર્ચીને અતિ આધુનિક બનાવાઈ છે. મેડીકલ કોલેજને પગલે સિવિલની આરોગ્યલક્ષી સેવામાં સુધારો થયો છે. આઈસીયુ, હિમોડાયાલીસીસ, લેબરરૂમ સહિતની સુવિધા થકી હોસ્પિટલની શાનમાં વધારો થાય છે. તો બીજી તરફ રેડીયોલોજી વિભાગ કથળતો જાય છે. સિવિલમાં સોનોગ્રાફી વિભાગમાં ફકત બે જ રેડીયોલોજીસ્ટ ડૉકટર છે. જેમાંથી એક ડૉકટર રજા પર કે વેકેશનમાં જાય એટલે અન્ય હાજર ડૉકટર પર સંપૂર્ણ ભાર આવી જાય છે. જેને પગલે તાત્કાલીક સોનોગ્રાફીની જરૂર ન હોય તેવા દર્દીને એક માસ પછીની તારીખ ફાળવવામાં આવે છે. ત્યારે રોજ ૧૩૦ જેટલા દર્દીની સોનોગ્રાફીનો રેકોર્ડ થતો હોવાથી સોનોગ્રાફી કરાયેલા દર્દીને ન્યાય મળે છે કે નહી તે પણ પ્રશ્નાર્થ સર્જે છે. ડૉકટરના મતે એક સાથે આટલી બધી સંખ્યામાં એક જ ડૉકટર દ્વારા સોનોગ્રાફી થતી હોવાથી તેની ગુણવત્તા પર અસર થાય છે ત્યારે ગાયનેક વિભાગના દર્દીઓને ઓપીડી બિલ્ડીંગમાં રાખવામાં આવેલ અલગ મશીનથી સોનોગ્રાફી કરવામાં આવે તો ૧૫ થી ૨૦ ટકા જેટલું ભારણ સોનોગ્રાફીમાં ઘટી શકે છે.

# આર.એન. લલિતકલા એકેડમીની બે વિદ્યાર્થીનીઓનું આરંગેત્રમ્ યોજાયુ

ગાંધીનગર, તા.૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા એકેડમીમાં ભારતનાટયમની તાલિમ મેળવેલ કુ. દિશા અને કુ.માહીનું આરંગેત્રમ આજે સેકટર-૨૩ કડી કેમ્પસ ખીમજી વિસરામ હોલ ખાતે સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં કલાપ્રેમીઓ તેમજ મહાનુભાવો હાજર રહ્યા હતા. આ બંન્ને દિકરીઓએ સાત વર્ષની સાધના પૂર્ણ કરી આજે સ્ટેજ પર આરંગેત્રમ રજુ કર્યું હતું. આ પ્રસંગે સૌ કોઈએ આ બંને દિકરીઓને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત લલિતકલા એકેડમીમાં ભારતનાટયમની તાલિમ આપવામાં આવે છે. આ ઈન્સ્ટિટયુટમાં શહેરના ઘણા કલાપ્રેમીઓ વિવિધ તાલિમ મેળવે છે. ત્યારે એમ.બી પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલની ધો-૯ ની વિદ્યાર્થીની કુ. દિશા ઘનશ્યામ સોલંકી અને માહિ દિપકભાઈ શાંખલા છેલ્લા સાત વર્ષથી ભારતનાટયમની કઠીન સાધના કરી રહી હતી. સાધના બાદ આજે સવારે સે-૨૩ ખાતે તેઓનું આરંગેત્રમ રજુ કર્યું હતું. આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે કડી સર્વ વિદ્યાલયના ડાયરેકટર ડી.ટી.કાપડીયા, ગાંધીનગર મેડીકલ કોલેજના ભૂતપૂર્વ ડીન ડો.વાસુદેવ એસ.રાવલ, કચ્છ કડવા પાટીદાર સમાજના શિવજીભાઈ પટેલ તેમજ સ્વામીનારાયણ ગુરુકુળના આચાર્ય ઉમંગભાઈ વસાણી, થનગનાટ ગ્રુપના રોહિત નાયાણી, પૂર્વ પ્રોફેસર વી.એસ. હોસ્પિટલના વસંતકુમાર એમ.વાલુ, પિચ ટેકનોવેશન પ્રા.લિ.ના હરેન શાહ તેમજ ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન વીણાબેન પટેલ હાજર રહ્યા હતા. આ પ્રસંગે બંન્ને દિકરીઓને સંસ્થા તરફથી રૂ.૨૫૦૦ના ચેક અને સર્ટીફિકેટ અર્પણ કરાયા હતા. કુ.દિશા અને માહિએ કલાગુરુ શંકુતલાબેન ઓઝા પાસેથી તાલિમ મેળવી હતી. સંસ્થાના સંચાલિકા દિનાબેન ડોડીયાએ સમગ્ર માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. કાર્યક્રમમાં સ્વાગતવિધી મીના શંખલાએ કરી હતી. અને સંસ્થા અને દિકરીઓ માટે બે બોલ શીવજીભાઈ પટેલ અને ડો.વાસુદેવ એસ. રાવલ બોલ્યા હતા. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. વર્ષા પારેખ તેમજ આભારવિધી પારૂલ સોલંકી દ્વારા કરવામાં આવી હતી.





# મોટી આદરજમાં જુગારના અડ્ડા પર એસઓજીનો દરોડો

ગાંધીનગર, તા.૨૮

પેથાપુર નજીક આવેલા મોટી આદરજ ગામમાં અનેક વાર જુગાર પકડાયો છે. હજુ પણ આ ગામમાં જુગારનો અડ્ડો ધમધમી રહ્યો હોવાની બાતમી ગાંધીનગર એસ.ઓ.જી.ને મળતા ટીમે દરોડો પાડી છ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ દબોચી લીધા હતા. એસઓજીની ટીમે છ શખ્સોની ધરપકડ કરી લઈને રૂ. ૨૧ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા પોલિસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે જિલ્લા વિસ્તારમાં પ્રોહીબીશન ડ્રાઈવ રાખી છે જે અંતર્ગત ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશસિંહ



સોલંકીએ તેમની ટીમને તે દિશામાં બાતમીઓ મેળવવા સક્રિય કરી છે. દરમિયાન પીએસઆઈ જે.આર. કરોતરાની ટીમને બાતમી મળી હતી કે પેથાપુર પોલિસ સ્ટેશનની હદમાં આવેલા મોટી આદરજ ગામના ભાવેશ બાબુ ઠાકોર અને બચુ ઉર્ફે હોલા હોથા ઠાકોર મળીને જુગારનો અડ્ડો ચલાવે છે. આ અડ્ડો હાલ પણ ચાલુ હોવાની બાતમી આધારે એસઓજીની ટીમે સ્થળ પર દરોડો પાડતા નાસભાગ મચી જવા પામી હતી. ટીમે કોર્ડન કરીને છ શકુનીઓ પકડી પાડયા હતા. દેતોજના ગાંડા બબા ઠાકોર, જલુંદના ફરીદ શમરત મલેક, આદરજના જગદીશ સાંકા ઠાકોર, રણજીત શંભુ ઠાકોર, ચમન મોતી ઠાકોર અને ભાવેશ બાબુ ઠાકોર મળીને છ શખ્સોની ધરપકડ કરી લઈને એસઓજીની ટીમે રોકડ રૂ. ૯૮૦૦ તથા મોબાઈલ મળી કુલ રૂ. ૨૧૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ પેથાપુર પોલીસને સોંપી છે.

## જન્મદિને વધામણી



સંજય વર્મા



સુમિત રમેશકુમાર પરમાર
મો. ૭૯૮૪૨ ૨૨૦૫૮



બિરવા કનકસિંહ માલીવાડ
મો. ૯૯૨૪૩ ૩૫૨૨૯

# સે-૭માં ઉબડ-ખાબડ પેવર બ્લોકમાં કોર્પોરેટર દ્વારા માટીનું પુરાણ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં મનપા તંત્ર દ્વારા પેવર બ્લોકનું કામ કરવામાં આવ્યું છે. શહેરીજનોના ઘર પાસે પણ તંત્ર દ્વારા પેવર બ્લોકની કામગીરી કરાઈ છે. જયારે શહેરના મુખ્યમાર્ગોની બંન્ને બાજુ પણ તંત્ર દ્વારા નગરજનોને ચાલવા માટે પેવર બ્લોક ફીટ કરાયા છે. પરંતુ સે-૭માં પેવર બ્લોક ઉખડી ગયાની કેટલીક ફરિયાદો સ્થાનિ કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘરને મળી હતી. શહેરમાં યોગ્ય જાળવણીના અભાવે પેવર બ્લોક કેટલાક તુટી ગયા છે તો કેટલાક નીકળી જતા પેવર માર્ગ ઉબડ ખાબડ બની ગયા છે. જેથી ચાલતા જતા નાગરીકોને પગે મચકોડ તેમજ નીચે પડી જતા સામાન્ય ઈજા પહોંચવાનું પણ ધ્યાને આવ્યું હતું.




નાઝાભાઈને વસાહતીઓની રજુઆતો મળતા તેઓએ તાત્કાલીક ધોરણે માટી મંગાવી પેવર બ્લોક સરખા ફીટ કરાવી દીધા હતા. તેઓએ તંત્રને સુચના આપી તાત્કાલીક કામ કરાવી દીધુ હતું. જેને પગલે વસાહતીઓમાં સંતોષની લાગણી છવાઈ હતી.

# રણાસણ સર્કલ પાસેથી દારૂની બોટલો સાથે એક ઝડપાયો

## ૧૨ નંગ બોટલો થેલામાં ભરીને જતો હતો

ગાંધીનગર, તા.૨૮

ડભોડા નજીક આવેલા રણાસણ સર્કલ પાસેથી થેલો લઈને જતાં એક રાજસ્થાની શખ્સ ઉપર શંકા જતા ડભોડા પોલિસે તેને રોકી તપાસ કરતાં દારૂની બોટલો તેની પાસેથી મળી આવી હતી. ૧૨ નંગ વિદેશી દારૂની બોટલો સાથે તેની ધરપકડ કરી પુછતાછ કરતા સ્થાનિક એક શખ્સનું નામ ખુલ્યું છે. જેણે બોટલોનો જથ્થો મંગાવ્યો હતો. ડભોડા પોલિસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

ડભોડા પીએસઆઈ એલ.એસ. ચૌધરીની ટીમ રણાસણ રોડ પાસે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન રણાસણ સર્કલ



પાસેથી થેલો લઈને જતો એક શંકમંદ દેખાયો હતો. તેને પકડીને તેનો થેલો તપાસ કરતાં અંદરથી ૧૨ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રાજસ્થાનમાં ચિતોડગઢ જિલ્લાના ગંઠેરી ગામના કલ્યાણ કાળુ રાજપુતની ૧૨ બોટલ સાથે ધરપકડ કરી પુછપરછ કરતા તેણે સ્થાનિક કોઈ જય ઠાકોરનું નામ ખોલ્યું છે. જેણે આ માલ મંગાવ્યો હતો. ડભોડા પોલિસે મુદ્દામાલ જપ્ત કરી કલ્યાણની ધરપકડ કરી લઈને દારૂ કયાંથી લાવ્યો હતો અને કયાં લઈ જવાઈ રહ્યો હતો તે અંગે સઘન તપાસ શરુ કરી છે.

# બીએસએફની ઈન્ટર ફ્રન્ટિયર એથ્લેટિકસ મીટનો પ્રારંભ

## સાઈ સ્ટેડિયમ ખાતે નાણાં વિભાગના અધિક સચિવ અનિલ મુકિમ તથા બીએસએફના મહાનિર્દેશક અજયકુમાર તોમરની ઉપસ્થિતિમાં શુભારંભ

### પ્રથમ દિવસની રમતના વિજેતાઓ

- **૨૦૦ મીટર દોડ**
  - પ્રથમ - કોન્સ્ટેબલ સાકલ વિજય-નોર્થ બેંગાલ ફ્રન્ટિયર
  - દ્વિતિય - કોન્સ્ટેબલ ચંદ્રમોહન દાસ-નોર્થ બેંગાલ ફ્રન્ટિયર
  - તૃતીય - કોન્સ્ટેબલ આન્દન એન - ગુજરાત ફ્રન્ટિયર
- **૮૦૦ મીટર દોડ**
  - પ્રથમ - કોન્સ્ટેબલ અનવર હુસેન-પંજાબ ફ્રન્ટિયર
  - દ્વિતિય - કોન્સ્ટેબલ વિજયકુમાર પી.-મેઘાલય ફ્રન્ટિયર
  - તૃતીય - કોન્સ્ટેબલ વિનોદ ચૌહાણ-સાઉથ બેંગાલ ફ્રન્ટિયર
- **૩૦૦૦ મીટર વિઘ્ન દોડ**
  - પ્રથમ - કોન્સ્ટેબલ સત્યવાન-પંજાબ ફ્રન્ટિયર
  - દ્વિતિય - કોન્સ્ટેબલ હરિઓમ સીંઘ-ગુજરાત ફ્રન્ટિયર
  - તૃતીય - કોન્સ્ટેબલ ડકલુ એસ.-નોર્થ બેંગાલ ફ્રન્ટિયર





ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેકટર-૧૫ સ્થિત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સાઈ સ્ટેડિયમ ખાતે બીએસએફની ૪૦મી ઈન્ટર ફ્રન્ટિયર એથ્લેટિકસ મીટ તથા બીએસએફ ઈન્ટર કમાન્ડ વિમેન્સ બાસ્કેટ બૉલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં દેશભરના બીએસએફ પૂર્વ તથા પશ્ચિમ કમાન્ડના ૧૧ ફ્રન્ટિયરના ૫૪૪ ખેલાડીઓએ ભાગ લીધો છે. જેમાં ૫૨ મહિલા ખેલાડીઓનો સમાવેશ થાય છે. પ્રથમ દિવસે ગુજરાત ફ્રન્ટિયરને બે મેડલ્સ પ્રાપ્ત થયા હતા.

બીએસએફની ઈન્ટર ફ્રન્ટિયર એથ્લેટિકસ મીટ ૨૦૧૭નો પ્રારંભ શુક્રવારે સાંજે ૪ કલાકે રંગારંગ સમારોહમાં ગુજરાત રાજયના નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ અનિલ મુકિમ તથા બીએસએફ ગુજરાત ફ્રન્ટિયરના મહાનિર્દેશક અજયકુમાર તોમરની ઉપસ્થિતિમાં કરાયો હતો. ઉદઘાટન સમારંભમાં તમામ ટીમોની ભવ્ય માર્ચપાસ્ટ ઉપરાંત ફનફેર, બેન્ડ સેલ્યુટ તથા બીએસએફના કર્મચારીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરાયા હતા. ઉદઘાટન સમારોહ બાદ ત્રણ જુદી જુદી દોડની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ૨૦૦ મીટર, ૮૦૦ મીટર અને ૩૦૦૦ મીટર વિઘ્ન દોડનો સમાવેશ થાય છે.

એથ્લેટિકસ મીટના પ્રારંભ સાથે જ અતિથિઓ તથા ઉપસ્થિત પ્રેક્ષક ગણે ખેલાડીઓનું ઉત્સાહવર્ધન કર્યું હતું. પ્રથમ દિવસની રમતના અંતે બીએસએફ ગુજરાત ફ્રન્ટિયરના જવાનોએ લદાખનું મનમોહક જબ્બર નૃત્ય પ્રસ્તુત કર્યું હતું. આ રમતોત્સવનું સમાપન તા. ૩૧મી ઓકટોબરે સાઈ સ્ટેડિયમ ખાતે થશે.

## @ગાંધીનગર

● દાદા ભગવાન પરિવાર દ્વારા સત્સંગમાં જ્ઞાનવિધિ કાર્યક્રમ સાંજે ૫.૩૦ થી ૯.૦૦ કલાક દરમિયાન ચ-૩ સર્કલ ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કામગીરીને અસરકારક બનાવવા આરએમઓએ સમગ્ર સંકુલનો રાઉન્ડ લીધો હતો. હોસ્પિટલ બિલ્ડીંગના તમામ માળની તેમણે જાત મુલાકાત લઈ સફાઈ સહિતની દરેક સુવિધાઓનું ઓબ્જર્વેશન કર્યું હતું અને જરૂર જણાય ત્યાં કર્મચારીઓને સૂચનાઓ આપી હતી.

### આજે દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા કવિ સાહિલ પરમારનું વકતવ્ય યોજાશે

ગાંધીનગર, તા.૨૮

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે જાણીતા પત્રકાર અને લેખક ઉર્વીશ કોઠારીની " ભંદ્ર ભદ્ર અનામત આંદોલનમાં "લઘુ નવલ વિશે કવિ સાહિલ પરિમારનું વકતવ્ય તા.૨૯ ઓકટોબરને રવિવારના રોજ સાંજના ૫.૩૦ કલાકે સે-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં સૌ કલારસિકોને પધારવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.

### વિજ્ઞાન કોલજના એફવાય સેમ-૧નો ૭મી નવેમ્બરથી પ્રારંભ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેકટર-૧૫માં સરકારી વિજ્ઞાન કોલેજના પ્રથમ વર્ષના પહેલા સેમેસ્ટરનું થીયરી અને પ્રેકટિકલ વર્ક તા. ૭મી નવેમ્બરથી પ્રારંભ થઈ જશે. દિવાળી વેકેશન બાદ વર્ષ ૨૦૧૭-૧૮ના વિદ્યાર્થીઓના પ્રથમ વર્ષના પહેલા સેમેસ્ટરનો પ્રારંભ થઈ રહ્યો છે જે અંગે વિદ્યાર્થીઓએ હાજર રહેવા કોલેજ સંચાલકો દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

### ગાંધીનગરમાં વર્ગ-૧ અને ૨ના પ્રજાપતિ સમાજના અધિકારીઓનું સ્નેહ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં નોકરી કરતા પ્રજાપતિ સમાજના વર્ગ-૧ અને ૨ના અધિકારીઓનું સ્નેહ સંમેલન આગામી તા. ૧૨મી નવેમ્બર રવિવારના રોજ યોજાશે. વધુ વિગત માટે પોપટલાલ એસ. પ્રજાપતિ મો. ૯૮૨૫૪ ૫૩૪૮૫ અને વી.કે. અજમેરા મો. ૯૭૨૩૮૦૪૦૬૮ નો સંપર્ક કરવા જણાવાયું છે. સર્વે અધિકારીઓને હાજર રહેવા પો.સો. પ્રજાપતિ પૂર્વ પ્રમુખ-ગાંધીનગર પ્રજાપતિ સમાજ એ જણાવ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. શાંતાબેન વિઠ્ઠલદાસ પટેલ, ઉ.વ. ૯૫
- સ્વ. ઈશ્વરભાઈ બાબુભાઈ વાઘરી, ઉ.વ. ૫૦
- સ્વ. વાળંદ જશુભાઈ અંબાલાલ, ઉ.વ. ૪૨
- સ્વ. ગઢવી જયપ્રકાશ હરહરદાન, ઉ.વ. ૭૨
- સ્વ. ગૌરીબેન મકનભાઈ કબીરા, ઉ.વ. ૫૧